વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

AUGUST - 2024

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## જ્ઞાનવૈભવધારી સાતિશય શ્રુતજ્ઞાનના ધણી ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર ચૈતન્યરત્ન પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૧૧૧મા મંગલકારી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે શત શત વંદન



બહેનશ્રીના બોલવા ઉપર થોડો વિચાર ચાલી ગયેલો. એમના પરિચય પછી કે, બહુ ઓછા બોલા છે. બહુ ઓછું બોલે છે, પણ બોલે છે એ નિચોડરૂપ બોલે છે. એટલે શું થાય છે કે એમના વિચાર લાંબા લાંબા રજુ નથી કરતા એ. એ વિચારનો ટોટલ મૂકી દે છે. એટલે એમને સમજવા હોય તો એમના ટોટલ પાછળ એમની વૈચારિક ભૂમિકા કેટલી ઊંડી અને વિશાળ છે એ સમજવું પડે. અને તો એમની ખરી મહત્તા આવે, એમની મહિમા આવે. એવી એમની પદ્ધતિ હતી બોલવાની.

**– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૨૦, વર્ષ–૨૬, ઑગષ્ટ–૨૦૨૪






## 'ધન્ય અવતાર' પ્રશમમૂર્તિ ભગવતીમાતા પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રમોદપૂર્ણ હૃદયોદ્ગારો!!

અરે! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઈ અલૌકિક છે! વધારે બોલતાં નથી એટલે કંઈ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે!

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઈ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે!

...જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના–મણકાના મેર છે. એમનાથી જ મંડળ શોભે છે. એમનાથી તો બધાં હેઠે, હેઠે ને હેઠે છે.

*

૨૮ વર્ષ થઈ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેનને) વૃત્તિ નથી ઊઠતી–પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ. ....એમનો આત્મા કેટલો ગંભીર! અલૌકિક! અચિંત્ય! અદ્ભુત!– શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

*

બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને! આ તો કોઈ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ છે. સ્ત્રી–દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે? ૩૪ વર્ષ થયાં એમને

જ્ઞાન પ્રગટ્યાને. સ્ત્રીઓમાં ધર્મરતન છે

*

બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જાવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને ભલે સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

*

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

*

આજ બેનનો જન્મદિન છે ને!.... બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

*

બેન (ચંપાબેન) ની નિર્મળતા ઘણી ઘણી! નિર્મળતા-નિર્મળતા! અપૂર્વ અપૂર્વ સ્મરણ! શાંત ને ગંભીર! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે.

*

ઓહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન! ....બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે...હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઈન જ જાુદી છે.

*

....બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે. .... અમને ઘણા વખતથી ખ્યાલમાં હતુંઃ બેનની ઘણી શક્તિ છે.



*

શ્રી કુંદકુંદ-આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

*

બેનની ગંભીરતા તો જુઓ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ! બહુ સરસ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે!

*

બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

*

(બેનશ્રીને આવતાં દેખીને કહ્યું-) બેન માટે જગ્યા કરો, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન

નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

આ તો બેનનાં અંદરનાં વચન છે ને! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું-વાંચ્યું) ને રામજીભાઈને કહ્યુંઃ ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.

*


(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ' ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

*

પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે- અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.

*

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઈન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે, આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો! ભગવાને કહેલી જે ૐકાર દવનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.



*

આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. અરે! ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્ભાગ્ય છે.

*

બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યાં છે...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયામાં).

*

આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઈ ગયું, નહિંતર તો બહાર આવે જ ક્યાંથી? એકલાં રતન

પડ્યાં છે! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંય નથી! હીરાનો ભંડાર છે!

*

આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ–એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણ જ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.



*

બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાનસહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

*

વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાંતનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

*

ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિ–પ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

*

બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

*

વચનામૃતના એક–એક શબ્દમાં સારો (–પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે! કહે છે– 'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (–ગુરુદેવ પાસેથી)! ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

*

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

*

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે – છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી – દિવ્ય ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે.

*

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં–

આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ!

*

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી - બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

*

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે.....અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે! – 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે.

*

બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

*

ચંપાબેન એટલે કોણ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ...સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે. – આ, એમની વાણીનું પ્રમાણપણું છે.

*

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને(બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે-ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

*

બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દ્રષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

*

બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે - ૯ ભવનું જ્ઞાન છે(-૪ ભૂતના,૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં....

*

આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

*


આ કથા-વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઈશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે... બેન તો ભગવતી માતા છે.

*

('ધન્ય અવતાર'માંથી સાભાર)

# દ્રઢ સંકલ્પી, કૃતનિશ્ચયી પૂ. બહેનશ્રી ચંપાબહેનનું ગુણસંકીર્તન

## (પૂ. ભાઈશ્રી શશીભાઈના પ્રવચનનો અંશ)



આમ દેખાવમાં પોતે શાંત હતા. ક્યારેય કોઈની સાથે ઉતાવળું બોલ્યા હોય એવું કોઈને જોવામાં નહિ આવ્યું હોય. હાઈટોનથી કોઈ દિ' કોઈની સાથે વાત કરી હોય એ જોવા નહિ મળ્યું હોય. એટલી બધી શાંત પ્રકૃતિ હતી. પ્રકૃતિગત રીતે શાંત પ્રકૃતિ હતી એમની. પણ વિચારોના અને નિર્ણયોમાં મક્કમતા અદ્‌ભુત હતી. કોઈને મચક ન આપે. કોઈને ખબર જ ન પડે આ આટલા શાંત હોય અને આટલા મક્કમ હોય. કોઈને એમ લાગે કે ઢીલા હશે સાવ. એવું નથી. આ બહુ માર્ક કરેલું છે. બહુ મક્કમતા! જબરદસ્ત મક્કમતા! અદ્‌ભુત મક્કમતા હતી. અને એને લઈને એ પોતે કામ કરી શક્યા છે.

નિર્ણય લીધો કે આત્મકાર્ય કરવું જ છે એટલે સંસાર ન જોઈએ એટલે ન જ જોઈએ. એ બાબતમાં કોઈને મચક ન આપી. એવી મક્કમતા કે કોઈને મચક ન આપી. એમ નથી કે ભાઈ તમારે લગન થઈ ગયા છે ને હવે ન ચાલે. એ થઈ ગયા બઈ ગયા હોય તો શું? કાંઈ નહિ. મારે આ જ કામ કરવું છે શું. કાંઈ પ્રેશર નહિ આવ્યું હોય? એવું કાંઈ નહિ હોય. એ તો બધી વાત ખુલી નથી. કુટુંબની વાત કાંઈ કુટુંબ બહાર જાય નહિ. પણ પ્રેશર તો દરેકને (આવે જ.) સંસારી જીવો બધા ખેચેં જ તે ટાંટીયા. કોઈ જીવ સંસારમાંથી નીકળવા માગે એટલે બાકીના ટાંટીયા ખેંચે જ તે. અને એ ખેંચે એનું કારણ કે એ ઉદય જ એને એવો આવે. એવો ઉદય આવે એનું કારણ કે પોતે એવા જ ઉદયભાવમાં પહેલાં પરિણમન કર્યું છે. એટલે એ ઉદય તો એવો જ આવે ને! બીજો કેવો આવે? બીજો ઉદય તમે એક્સપેક્ટ કરો તો સમજણ બહારની વાત છે એ તો. સમજાય એવી વાત એ છે કે એવો જ ઉદય આવે. પણ બહુ મક્કમ હતા.

સૂર્યકીર્તિ ભગવાનની સ્થાપના વખતે આખું હિન્દુસ્તાન વિરોધમાં. એક મને પૂછી લીધું હતું. કે મને વચ્ચે લાવ્યા વગર તમારી હિંમત અને તમારી ભાવના તપાસી લેજો! કોઈ સંજોગોમાં વિચલિત ન થવાય એવું હોય તો જ નિર્ણય કરજો કે આ કામ કરવું છે. વિરોધ થવાનો છે અને મોટો વિરોધ થવાનો છે. અને જયપુરવાળા આ વિરોધ જગાડશે. બધું કહી દીધું હતું અમને. જેટલું એમણે કીધું એ જ પ્રમાણે (પાછળથી) થયું છે. ત્યાંથી વિરોધ શરૂ થયો. આખા હિન્દુસ્તાનમાં વિરોધ એમણે ફેલાવ્યો. આખો દિગંબર સમાજ વિરોધમાં થઈ ગયો. અફવા એવી આવે કે દસ હજાર માણસો વિરોધ કરવા માટે સોનગઢ આવી રહ્યા છે. ટ્રકો ભરી ભરીને નીકળી ગયા છે. બસ્સો માણસો રવાના થઈ ગયા છે. અમારું રૂંવાડું ફરકે નહિ એટલી હિંમત હતી. ભય થાય નહિ. એક રૂંવાડે ભય થાય નહિ. કાંઈ નહિ. આવવા દ્યો જોયું જાશે. આવવા દ્યો. જેને આવવું હોય એને આવવા દ્યો. એટલી તૈયારી



પહેલેથી મક્કમતા હતી. એ પોતે ભલે એમણે એમ કીધું કે અમને વચ્ચે લાવ્યા વગર (કરવું હોય તો કરજો) પણ એમણે પૂરો સાથ આપ્યો.

આ સાહુ શ્રેયાંસપ્રસાદ ને એ લોકોનું ડેલીગેશન આવ્યું, હિન્દુસ્તાનના બધા મુખ્ય માણસોને લઈને, નવ જણાને લઈને આવ્યા હતા. એક એક પ્રાંતમાંથી એક એક જણને. હિન્દુસ્તાનના એક એક પ્રાંતમાંથી એક એક મોટા મોટા માણસને લઈને આવ્યા હતા. એમણે ગંભીરતાથી એક ધમકી પણ આપી દીધી કે તમે લોકો નહિ માનો તો બહુ મુશ્કેલી પડશે તમને. ગંભીર ભાષામાં, વેપારી માણસ છે, મોટો માણસ છે એટલે કોઈ એલફેલ તો બોલે નહિ. કોઈ ખરાબ શબ્દો તો ન વાપરે. પણ ગંભીરતાથી એણે એ કહી દીધું. તમે નહિ માનો તો તમને મુશ્કેલી ઘણી પડશે. કાંઈ જવાબ જ ન આપ્યો. પણ મક્કમતામાંથી કાંઈ ફરે નહિ. બહેનશ્રીએ કાંઈ જવાબ ન દીધો. અને આવ્યું પણ ખરું. એમના ઉપર ઈન્દોરથી વોરંટ પણ આવ્યું. ગમે તે આવ્યું હોય નહિ. કાંઈ ફેર પડે નહિ. કોઈને કાંઈ ફેર પડે નહિ. એટલા જ ઉત્સાહથી બધું ચાલ્યું, ઉત્સાહ એટલે લોકોનો જુવાળ ઉઠ્યો હતો. એ બધું ધામધુમથી પતી ગયું.

એ પ્રતિષ્ઠામાં કોઈ પ્રતિષ્ઠામાં ફાળો ન થાય એટલો ફાળો ૫૫ લાખ રૂપિયાનો ફાળો થયો. સમાજનું સમર્પણ બહુ સારું હતું. લોકોનો ઉત્સાહ પણ ઘણો હતો અને બહુ સારી રીતે બધું હેન્ડલ કર્યું. ગમે તે પરિસ્થિતિ ઘણી આવી. કોર્ટના બીજા, ત્રીજા ઘણાં. એમની મક્કમતામાં કાંઈ ફેર પડે નહિ. અને દીર્ઘદષ્ટિ ઘણી. કોર્ટની પરિસ્થિતિ જોઈને મેં વાત કરી કે પ્રશસ્તિમાં હવે 'સૂર્યકીર્તિ' નામ લખાવવામાં વાંધો નથી. પોતે ના પાડી. અંદરથી આવી ગયું છે. અમુક પરિસ્થિતિ થાય તો નામ ન લખવું. એ પરિસ્થિતિ થઈ ગઈ. હવે નામ નથી લખવાનું. (મે કીધું) પણ આપણે કેસ જીતી જઈએ એવું છે. કહે ભલે જીતી જઈએ તોપણ નથી લખવું. જે એમણે નિર્ણય લીધો હોય એમાં કોઈ ફેરફાર ન કરે. અંદરથી જે નિર્ણય આવી ગયો હોય એ ફાઈનલ એટલે ફાઈનલ પછી.

આપણાવાળા કહે છે માટે આમ કરવું, ઓલા કહે છે કે માટે આમ કરવું એવું કાંઈ નહિ. યથાર્થ નિર્ણય અંદરથી આવી ગયો એટલે વાત પતી ગઈ. અને એ એમની ખૂબ દીર્ઘદષ્ટિ છે એ આજે ખ્યાલમાં આવે છે. કેમકે આયુષ્ય લિમિટેડ છે. પાંચ-પચ્ચીસ વર્ષે બધાની હાજરી નહિ હોય પછી શું? પછી પણ પરિસ્થિતિ ન બગડે એના માટે એમની દીર્ઘદષ્ટિ હતી. એમણે એ વાત સ્પષ્ટ કરી નાખી હતી કે આટલું જ લખવાનું છે. આ સિવાય બીજું લખવાનું નથી. મહાવિદેહ ક્ષેત્રના, ધાતુકી ખંડના ભાવિ તીર્થંકર બે લખો. નામ નહિ. 'સૂર્યકીર્તિ' નામ નહિ. એટલે બહુ ઊંડા વિચારથી એમનું જે કામ હતું એ ઘણુ ઊંડા ઊંડા વિચારનું, દીર્ઘદષ્ટિવાળું કામ હતું.

*

**(પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' તા. ૧૯-૦૨-૯૯, પ્રશ્ન - ૪૪૫, પ્રવચન નં-૩૮૬, ૩૩ મિનિટે)**

# જ્ઞાનીઓની નિષ્કારણ કરુણારૂપ પ્રસાદી 'અમૂલ્ય અધ્યાત્મ વિદ્યા'



હિન્દુસ્તાનમેં ભી મૂલચીજ યહ વિદ્યા કા મૂલ મંત્ર જૈન કે અલાવા ઔર જગહ નહીં હૈ. ઔર જૈનમેં ભી સંપ્રદાય મેં યહ ચીજ નહીં રહી. વિકૃતિ આ ગઈ. જો કુછ હૈ વહ કુછએક જ્ઞાનીઓ કે પાસ હૈ. જો મૂલ તીર્થંકરકી દી હુઈ વિદ્યા હૈ અધ્યાત્મ વિદ્યા. કહને કા મતલબ વહ હૈ કિ યહ મૌકા હૈ હમારે પાસ. ઈસ વિદ્યાકી ઉપલબ્ધિ હોવે, પ્રાપ્તિ હોવે ઐસા મૌકા હૈ. અગર હમેં સભી પ્રકાર સે દુઃખ સે છૂટના હો તો. યહ બાત પહલે હોની ચાહિયે કિ હમકો બિલકુલ દુઃખી હોના હી નહીં હૈ. હંમેશ કે લિયે હમેં સુખી હોના હૈ. પરમેનન્ટ સુખ ચાહિયે, અલ્પકાલ કે લિયે નહીં ચાહિયે. ઔર પૂરા પૂરા ચાહિયે. ઐસા જિસકા અભિપ્રાય હો, ઐસી જિસકી અભિલાષા હો, ઉનકે લિયે યહ ચીજ હૈ.

**'ઐસા મહિમાવંત...'** ઐસા વેલ્યુએબલ. મહિમાવંત માને ક્યા? ઐસી કિંમતી ચીજ હમારી આત્મા હૈ કિ જિસમેં અનંત સુખ ભરા હૈ, અનંત જ્ઞાન ભરા હૈ. હમારે જિનેન્દ્ર પરમાત્મા અનંત પરમાનંદ સે બિરાજમાન હૈ. કિતના ઉસકો આનંદ હૈ? અનંત પરમ વો આનંદ હૈ. ઔર વહ કહતે હૈ કિ તુમ હમારે જૈસે બન સકતે હો અગર તુમ ચાહતે હો તો. બાત તો કિતની હૈ? તુમ્હારી ચાહત ચાહિયે ઔર કુછ નહીં ચાહિયે. કોઈ ફીઝ નહીં હૈ યહાં. બાકી તો સબસે કોઈ બઢીયા સે બઢીયા ચાર્જ કરતે હૈ તો કન્સલટેશન કરનેવાલે કન્સલટન્ટ લોગ કરતે હૈ. દેખીયે આપ. સબસે બડા ચાર્જ કિસકા હોતા હૈ? યહ ઈકોનોમિસ્ટ હોતે હૈ ન? હમારે હિન્દુસ્તાન મેં નાની પાલખીવાલા ઐસે હૈ બડે બડે. સબ મિનિટો કા ચાર્જ લગતા હૈ. હજારો રૂપિયે લેતે હૈ મિનિટો કા.

જબ કે હમારે શ્રીગુરુ હોતે હૈ, જિનેન્દ્ર હોતે હૈ, જ્ઞાની હોતે હૈ. કોઈ ચાર્જ નહીં લેતે. કન્સલટેશન પૂરા કરાતે હૈ. કિતના? પૂરા સુખ હોને કે લિયે. સભી દુઃખ કો ખતમ કરને કે લિયે. કોઈ ચાર્જ નહીં. ઐસે નિષ્કારણ કરૂણાશીલ વહ હોતે હૈ. જગત કે દુઃખી પ્રાણીઓ કો દેખકર કે ઉનકો કરૂણા આતી હૈ. ઔર ફ્રી ઓફ ચાર્જ વો અપના ઉપદેશ કો બાંટતે હૈં. ઈસી સિદ્ધાંત કો લેકર કે હમારા પિરિયોડિકલ ચલતા હૈ. જો **'સ્વાનુભૂતિ પ્રકાશ'** ચલતા હૈ કઈ લોગ કહતે હૈ કિ આપ ફ્રી ક્યોં દેતે હૈ? કુછ તો ચાર્જ રખીએ. કુછ તો ચાર્જ રખીએ. કિ નહીં હમારે સિદ્ધાંત મેં વહ બાત નહીં હૈ. ચાર્જ લેનેકી બાત હમારે સિદ્ધાંત મેં નહીં હૈ.


જ્ઞાન કા પૈસા કોઈ લેતા હૈ વહ જ્ઞાન નહીં હોતા. અગર કોઈ જ્ઞાન કા પૈસા લેતા હૈ તો વહ જ્ઞાન હોતા હી નહીં. વહ સહી જ્ઞાન નહીં હોતા હૈ. યહ તો બિઝનેસ હો ગયા, વ્યાપાર હો ગયા વહ

તો. દુકાનદારી હો ગઈ. યહ દુકાનદારી કા વિષય નહીં હૈ. ઈસી સિદ્ધાંત કો લેકર કે હમને વહ પોલિસી બનાયી ટ્રસ્ટ કી. કિ જ્ઞાન દાન તો ફ્રી. ફ્રી હોગા. પુસ્તકકી કિંમત રખતે હૈ લેકિન ૯૦ પરસન્ટ ફ્રી જાતા હૈ અપના. વીતરાગ ટ્રસ્ટ મેં અભી તક દો લાખ કિતાબે છપ ગઈ. કિતની? કરીબ કરીબ ફ્રી ગઈ હૈ. દો લાખ કિતાબોં કે રૂપયે તો જ્યાદા હોતે હૈ. કરીબ કરીબ ફ્રી ગઈ હૈ. અભી ભી ફ્રી જાતી હૈ. બહોત જાતી હૈ. ક્યોંકિ ઉસકા મૂલ્ય ક્યા કિયા જાયે? જો સભી પ્રકાર કે દુઃખ સે છુડાયે ઔર અનંત સુખકી પ્રાપ્તિ કરાયે, બેહદ સુખકી પ્રાપ્તિ કરાયે ઉસકા મૂલ્ય ક્યા હો સકતા હૈ? ઉસકા કોઈ ટર્મ નહીં હૈ. મૂલ્ય કરને કા કોઈ ટર્મ નહીં હૈ. યહ તો ભૌતિક પદાર્થ મેં લેને-દેને કી ટર્મીનોલોજી હૈ. યહ તો અમૂલ્ય ચીજ હૈ, ઉસકા કોઈ મૂલ્ય નહીં હો સકતા.

સંસાર મેં ટેન્શનકી કૌન સી દવાઈ હૈ બતાઓ? હૈ કોઈ? ઔર ટેન્શન ફ્રી કૌન સા મનુષ્ય હૈ વહ બતાઓ? એક ભી આદમી બતા દો જો ટેન્શન ફ્રી હો. ઈતની બડી સમસ્યા હૈ કિ પૂરે અરબોં મનુષ્ય ટેન્શન મેં હૈ ઔર ઈસકા કોઈ ઈલાજ નહીં હૈ. યહ ઈલાજ ઈધર હૈ. ઈસકી કિંમત કિતની કી જાયે? ઔર વહ ઈલાજ ભી ફ્રી ઓફ ચાર્જ મિલતા હૈ. લેકિન પ્રયોગ ખુદકો કરના પડતા હૈ. ઐસે ચાર્જ નહીં લેતે. લેકિન સબકુછ લે લેતે હૈં. ક્યા? અપનત્વ છોડો, શરીર મેરા નહીં, યહ શરીર પર મેરા અધિકાર નહીં, કુટુંબ મેરા નહીં. સંપત્તિ મેરી નહીં. કોઈ ચીજ મેરી નહીં. મૈં એક આત્મા હૂં. યહ મેરાપન છોડના યહ સબસે બડા ચાર્જ હૈ.

*

**(પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' તા. ૧૦-૧૧-૯૮, પ્રશ્ન - ૪૦૦, પ્રવચન નં-૩૪૨, ૩૫ મિનિટે)**




## નવું પ્રકાશન

## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૫)

**પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૫ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૨માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૦૮-૧૨-૨૦૨૪ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. 30-૧૦-૨૦૨૪ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.**

**– શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

**શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩**

# ‘શ્રી જિનેંદ્રદર્શન’

## – પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ




ત્રણે લોકમાં શ્રી જિનપ્રતિમા અકૃત્રિમપણે અનાદિથી બિરાજમાન છે. તેની પાછળ કુદરતનો હેતુ, સંસારીજીવને નિજાત્મદર્શન કરાવવાનો છે. આવી કુદરતી અનોખી વ્યવસ્થા છે. એ જ હેતુથી મોક્ષમાર્ગી ધર્માત્મા, શ્રી જિનેંદ્રદેવની પ્રતિકૃતિરૂપ પ્રતિમા બનાવડાવી તેની સ્થાપના શ્રી જિનમંદિરમાં વિધિપૂર્વક કરે છે. આ પરંપરા પણ ધર્માત્માઓ દ્વારા મોક્ષમાર્ગને વિષે અનાદિથી પ્રચલિત છે.

આત્મજ્ઞાન થવા અર્થે વાણી દ્વારા આત્મસ્વરૂપ દર્શાવવામાં આવે છે. તે માટે આત્મજ્ઞાની પુરુષો દ્વારા વિરચિત સર્વ ગ્રંથોમાં આત્મબોધનું નિરૂપણ કરવામાં આવેલ છે અને આવે છે. પરંતુ ‘આત્મા’ એક અરૂપી પદાર્થ છે. અને તેનું સ્વરૂપ વચનાતીત છે. એટલું જ નહીં પણ તે વિકલ્પાતીત પણ હોવાથી તેને માત્ર સંકેતરૂપે વાણી વડે દર્શાવી શકાય છે. વાસ્તવમાં તો આત્મસ્વરૂપ કેવળ શ્રવણ-ચિંતવનનો વિષય નથી પરંતુ તે તો માત્ર વેદન-અનુભવજ્ઞાન-નો વિષય છે. માટે તેવા આત્મસ્વરૂપને દર્શાવવા અર્થે શ્રી જિનપ્રતિમાની સ્થાપના એક સર્વોત્તમ પ્રયોગ છે.

આ હકીકત તો સર્વમાન્ય છે કે કોઈ પણ વિષયને કથન વડે સમજાવવાને બદલે જો તેને પ્રયોગ વડે સમજાવવામાં આવે તો તે સારી રીતે સમજાવી અને સમજી શકાય તેમ છે. અને આ વાત સર્વ સાધારણ વ્યાવહારિક જીવનમાં અનુભવગોચર છે. ખાસ કરીને વિજ્ઞાનના વિષયમાં તો આ પ્રચલિત કાર્યપદ્ધતિ છે. કારણ કે વૈજ્ઞાનિક વિષય કેવળ વ્યાખ્યા અને પુસ્તકો વડે સમજાવવો અશક્ય છે. ઉલ્લેખવા જેવું એ છે કે ભૌતિક વિજ્ઞાન તો ઈન્દ્રિયજ્ઞાનગોચર સ્થૂળ વિષય હોવા છતાં પણ તેને સમજાવવા માટે જ્યારે પ્રયોગપદ્ધતિ અનિવાર્ય છે તો આત્મજ્ઞાન તો સૂક્ષ્માતિસૂક્ષ્મ અને ઈન્દ્રિયાતીત ‘આત્મસ્વભાવ’નું વિજ્ઞાન છે કે જેને સમજવા/સમજાવવા માટે પ્રયોગાત્મકપદ્ધતિ સિવાય અન્ય સાધનની કલ્પના જ નિરર્થક છે. માટે એવા આત્મસ્વરૂપને દર્શાવવા માટે પૂર્ણ આત્મસ્વરૂપપરિણત સાક્ષાત્ પરમાત્મા અથવા તેઓની પ્રતિકૃતિના દર્શન અર્થાત્ શ્રી જિનેંદ્રદર્શન જ એકમાત્ર કાર્યકારી પ્રયોગાત્મકપદ્ધતિ છે. અને એ જ પદ્ધતિની સિદ્ધિવડે જ આત્મસિદ્ધિ સંપ્રાપ્ત થાય છે.

જોકે સાંપ્રત જૈનસંપ્રદાયમાં શ્રી જિનેંદ્રદર્શન કરવાની રૂઢિ તો અવશ્ય પ્રચલિત છે તથાપિ ઉપર્યુક્ત

પારમાર્થિક મહત્ત્વથી પ્રાયઃ અનભિજ્ઞ હોવાથી ઉક્ત પ્રયોગાત્મક પદ્ધતિપૂર્વક ભાવાત્મક દર્શન કરવાનું કે આ પદ્ધતિના અભ્યાસનો પણ અભાવ જોવામાં આવે છે જે એક શોચનીય વિષય છે.

આત્મસ્વભાવ એકાંત શુદ્ધ, પ્રત્યક્ષ અનુભૂતિસ્વરૂપ છે એટલે કે આત્માનું સ્વરૂપ જ અનંત સ્વસંવેદનમયી છે કે જે તેરમા ગુણસ્થાને શ્રી અર્હંત જિનેશ્વરદેવને પૂર્ણ પ્રગટ થાય છે. આવું અનંત સ્વસંવેદન, પ્રત્યેક આત્મા પોતાના નિજાત્મસ્વભાવમાંથી પ્રગટ કરી શકે તે સ્વાભાવિક છે. તેથી જો યથાર્થપણે શ્રી જિનેંદ્રદર્શન કરવામાં આવે તો, દર્શન કરનારને પોતાના વિદ્યમાન સ્વસંવેદનરૂપ જ્ઞાનવેદનને આવિર્ભાવ કરવા માટે શ્રી જિનપ્રતિમા સર્વોપરી નિમિત્ત છે.

'વેદના' પોતે એક એવું દ્રશ્ય છે કે જે જોનારને વેદનામાં સહજ લઈ જાય છે. ઉદાહરણ તરીકે કોઈ પણ પ્રાણીને જ્યારે તીવ્ર અશાતા વેદનીયથી પીડાતું જોવામાં આવે તો જોનારને અશાતાનો અંશ ઉત્પન્ન થઈ આવે છે અને તે પ્રત્યે સ્વાભાવિક કરુણાની ઉત્પત્તિ થાય છે. જીવનો આવો સહજ સ્વભાવ છે. આવી વૈભાવિક પરિસ્થિતિ સૌને અનુભવગોચર છે. તો પછી પ્રગટ અનંત સ્વસંવેદનમયી જિનમુદ્રિત જિનપ્રતિમાના દર્શન કરનારને સ્વસંવેદનનો આવિર્ભાવ થવો તે એક સહજ સ્થિતિ છે. માટે અતિ સુગમતાએ કરી સ્વસંવેદનના આવિર્ભાવ અર્થે જો તથારૂપ યથાર્થ દ્રષ્ટિકોણ (– પ્રયોગાત્મકપદ્ધતિ) ને સાધવામાં આવે તો તે અત્યંત ઉપકારી થાય તેવો છે.

તેમજ શ્રી જિનમુદ્રામાં અનંત શાંતિનું વેદન પણ પ્રસિદ્ધ છે જે આત્મશાંતિને વગર બોલ્યે દર્શાવે છે. તેથી જ ઓઘસંજ્ઞાએ પણ જિનદર્શન કરતાં માનસિક શાંતિ થયા વિના રહેતી નથી. તો પછી જે જ્ઞાનીપુરુષો આત્મશાંતિના જાણનાર છે તેમને અનંત સુધામય શાંતિસ્વરૂપ શ્રી જિનમુદ્રાનાં દર્શન કરતાં, તેઓનું સ્વયંભૂ પરિણમન શાંતસ્વભાવમાં વિશેષ પ્રકારે ઢળી જાય તેમાં શું આશ્ચર્ય છે?! તેથી શ્રી જિનપ્રતિમાની સ્થાપના, જેને આત્મસ્વભાવનું જ્ઞાન નથી તેને આત્મજ્ઞાનનું કારણ છે અને આત્મજ્ઞાની પુરુષોને તે આત્મધ્યાનનું કારણ છે.

જોકે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનાર જીવોને અધ્યાત્મનો વિષય અનેક સ્તરે બુદ્ધિગમ્ય થાય છે. જેથી તેઓને એ પણ સ્પષ્ટ સમજાય છે કે 'અંતર્મુખ થવાથી જ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ અંતર્મુખી પરિણામથી વીતરાગી ધર્મ સમુત્પન્ન થાય છે.' આવું સ્પષ્ટ સમજાયા છતાં 'અંતર્મુખ કઈ રીતે થવું' તેની યથાર્થ વિધિ, તેઓને પોતાની મેળે પ્રાપ્ત થતી નથી. તેથી અને વળી એવી જ કોઈ વસ્તુસ્થિતિ હોવાને લીધે તે એક સમસ્યા થઈ પડે છે. તેવા અવસરે જો 'અંતર્મુખ થવાનો પ્રયોગ' કોઈ દર્શાવે તો તે કેટલો ઉપકારી સિદ્ધ થાય??

'અંતર્મુખ થવું' તે એક સર્વોત્કૃષ્ટ ગૂઢ રહસ્ય છે. અને 'અંતર્મુખ થવાની કળા તે અધ્યાત્મવિદ્યાનું રહસ્યમય પ્રકરણ છે.

શ્રી જિનમુદ્રાનાં નીરખીને દર્શન કરનારને તે નિરવશેષ અંતર્મુખતા પ્રગટપણે દર્શાવે છે. સર્વથા અંતર્મુખદશાનાં દર્શન કરનારને માટે 'અંતર્મુખ થવાની વિધિ'ને સમજવાનો આ એક અનોખો પ્રયોગ છે.

તેથી અંતર્મુખ થવાની અનાદિની સમસ્યાનો, અત્યંત સરળતા અને સુગમતાથી, ઉકેલ થાય તે અર્થે શ્રી જિનપ્રતિમાની સ્થાપના અત્યંત મહિમાપૂર્વક કરવાની પ્રણાલિકા છે. તેમાં ઉક્ત મહત્ત્વપૂર્ણ પારમાર્થિક હેતુ સન્નિહિત છે. માટે કોઈપણ પ્રકારે છળ ગ્રહણ કરીને જિનપ્રતિમાની સ્થાપનાનો નિષેધ કરવા યોગ્ય

નથી.

સ્વ. પૂજ્ય પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ 'અનુભવપ્રકાશ'ના 'દેવ અધિકાર'માં લખે છે કે ''કારણ કે દેવથી પરમમંગલરૂપ નિજાનુભવ પામીએ છીએ તેથી દેવ ઉપકારી છે.'' તેથી તેની પૂજ્યતા છે. ''જિનસ્થાપનાથી સાલંબધ્યાન વડે નિરાલંબપદ પામે છે.'' તેમજ શ્રી 'યોગસાર'માં પણ કહ્યું છે કેઃ ''જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ; તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ.'' ૧૯.

તાત્પર્ય એ છે કે સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખી સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ અવલોકનમાં લ્યે. પછી તેમાં એકાગ્રતા વડે દેખનારા ભવ્યોને અનંત તેજોમય નિજસ્વરૂપનો પ્રકાશ થાય છે. આત્મસ્વભાવમાં અનંત સહજ પ્રત્યક્ષતાનું તેજ જે સામર્થ્યરૂપે ભરેલું છે જેની અભિવ્યક્તિરૂપ કેવળજ્ઞાનની અનંત પ્રત્યક્ષતા શ્રી જિનમુદ્રામાં પ્રસિદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે : પરોક્ષ જ્ઞાનમાં ઉક્ત પ્રત્યક્ષતાનો વિચાર કરવાથી વા આત્મસ્વરૂપના પ્રતિપાદક ગ્રંથોના પઠનથી વા બીજી કોઈ પ્રક્રિયાથી તેનો યથાઅવસ્થિતપણે આવિર્ભાવ થવો અસંભવિત છે. કેમકે ઉક્ત બધી પ્રક્રિયામાં પરોક્ષજ્ઞાનની જ પ્રવૃત્તિ છે અને જીવ અનાદિથી પરોક્ષજ્ઞાનથી પરિચિત છે અને જ્ઞાનની પ્રત્યક્ષતાથી અજાણ છે. તેવી સ્થિતિમાં આ અજ્ઞાત વિષયનું જ્ઞાન શ્રી જિનમુદ્રા દ્વારા થાય છે.

આ પ્રકારે શ્રી જિનબિંબ, સંસારમાં જીવને ઉત્પન્ન થયેલા મોહરૂપી પ્રચંડ દાવાનળને શાંત કરવા માટે મેઘવૃષ્ટિ સમાન છે. અને અનાદિના ઘોર અજ્ઞાન – તિમિરને નાશ કરવા માટે સૂર્યના પ્રબળ પ્રકાશ સદ્રષ છે. તેથી જ્ઞાનીઓનો આદેશ છે કે : વીતરાગમૂર્તિની ઉપાસના અવશ્ય કરવા યોગ્ય છે.

આ વિષયમાં પૂજ્ય શ્રી દીપચંદજી લખે છે કે : ''આ સ્થાપનાના નિમિત્તથી ત્રણ કાળ ત્રણ લોકમાં ભવ્ય જીવો ધર્મ સાધે છે, તેથી સ્થાપના પરમ પૂજ્ય છે. દ્રવ્યજિન, દ્રવ્યજીવ (છે) તે પણ ભાવપૂજ્ય છે. તેથી ભાવિ નયથી પૂજ્ય છે.''

અંતમાં ઉક્ત પ્રકારે જિનેંદ્રદર્શનની વિધિ પ્રાપ્ત કરીને દર્શન કરતાં સ્વસંવેદનભાવ, આત્મશાંતિનું વેદન, અંતર્મુખતા અને જ્ઞાનની પ્રત્યક્ષતા પ્રયોગાત્મક પદ્ધતિથી સમજાય છે. તેથી તે પ્રકારે દર્શન કરવા યોગ્ય છે કે જેથી નિજાનુભવ સંપ્રાપ્ત થાય. ખરેખર જિનદર્શન તે નિજદર્શન છે. શ્રી જિનેંદ્રનાં દર્શન કરતાં ભાવજિન દ્વારા તેવું જ પોતાનું સ્વરૂપ જ્ઞાનમાં આવિર્ભાવ પામે છે.

* **('તત્ત્વાનુશીલન'માં થી સાભાર ઉદ્ધૃત)**


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ'** (ઑગષ્ટ–૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

**૧) શ્રીમતી કૃપાલીબહેન પિયુષભાઈ ભાયાણી, કોલકાટા**

**તથા**

**૨) શ્રીમતી મીનાક્ષીબહેન વિરાગભાઈ શાહ, ભાવનગર**

**તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી દ્વારા લિખિત ભક્તિમય પત્ર (બહેનશ્રીની સાધના અને વાણી)



પરમ ઉપકારી, ભરતત્રક્ષેત્રમાં અપૂર્વ શ્રુતધારા વરસાવનાર, મંગળમૂર્તિ ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર.

શ્રી કહાનગુરુદેવના પાવનકારી આહારદાનના પ્રસંગો તેમજ પૂ. ગુરુદેવના તીર્થયાત્રાના અવસરો, શ્રી જિનેન્દ્ર પ્રતિમાઓના કલ્યાણક અવસરો વગેરે પુનિત પ્રસંગો તે બધા પુણ્યોદયે બને છે. તે પ્રસંગો યાદ કરતાં ઉલ્લાસ આવે છે.

શ્રી ગુરુદેવના અંતરમાં પ્રગટેલા જળહળતાં શ્રુતજ્ઞાન સુર્ય દ્વારા અનુપમ રહસ્યો ઝરતી અમૃત વાણી નિરંતર સુણવાનો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો છે તે મહાભાગ્ય છે.

ગુરુદેવની નિરંતર વાણી તેમના આહારદાન વગેરેના પાવન પ્રસંગો જે પંચમકાળે મળ્યા તે અહોભાગ્ય છે.

અનંતકાળના પરિભ્રમણનું દુઃખ અને વિભાવનું દુઃખ સર્વ પરદ્રવ્ય પરભાવોને ભેદભાવોથી ન્યારા શુદ્ધાત્મ તત્વને બતાવનારી ગુરુદેવની વાણીથી સહજે ટળે છે.

પૂ. ગુરુદેવે શુદ્ધાત્મ તત્વને પ્રગટ કરવાનો માર્ગ બતાવી પંચમકાળમા અનેક જીવોના દુઃખ ટાળ્યા છે. સુખધામ, આનંદધામ આત્માને પ્રગટ કરવાનો માર્ગ સુગમ કર્યો છે.

પરમ પરમ ઉપકારી ગુરુદેવના ચરણકમળોમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

*

સોનગઢ, વિ.સં. ૨૦૦૩
(ઈ.સ. ૧૯૪૭)

...!


અપૂર્વ માર્ગ પ્રકાશક કૃપાળુ ગુરુદેવના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

દ્રવ્યજીવન અને ભાવજીવનના આધાર, અપૂર્વ સર્વસ્વ ઉપકારી, પરમ-કૃપાળુ, અદ્ભુત ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. શારીરિક પ્રકૃતિ સારી છે.

હવે તો વિભાવના બધા વિકલ્પોથી છૂટીને વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! હજારો મુનિઓનાં ટોળાં જે કાળે વિચરતાં હશે તે પ્રસંગને ધન્ય છે! તેવા કાળે મુનિપણું લઈ ઘડીમાં અપ્રમત્ત, ઘડીમાં પ્રમત્ત-એવી દશાને સાધી વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! અત્યારે પણ જેમ બને તેમ પુરુષાર્થ વધારી નિર્મળ પર્યાયને વિશેષ વિશેષ પ્રગટ કરવી તે જ શ્રેયરૂપ છે.

લિ.
નિરંતર શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઈચ્છનાર
-બહેન ચંપાના યથાયોગ્ય....
શ્રી વીતરાગભાવને નમસ્કાર

*



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્ર

**પત્રાંક - ૩૭૫**

મુંબઈ, વૈશાખ, ૧૯૪૮

જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે, ઉપદેશ્યાં છે. તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું, તો તે જિનાગમનું શ્રવણ, વાંચન નિષ્ફળરૂપ છે; એ વાર્તા અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.

એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરૂપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.


યથાપ્રારબ્ધે સ્થિતિ છે એટલે બળવાન ઉપાધિયોગે વિષમતા આવતી નથી. કંટાળો અત્યંત આવી જતાં છતાં ઉપશમનું, સમાધિનું યથારૂપ રહેવું થાય છે; તથાપિ નિરંતર ચિત્તમાં સત્સંગની ભાવના વર્ત્યા કરે છે. સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે; તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે.

જ્યાં સુધી આ ઉપાધિયોગનો ઉદય છે ત્યાં સુધી સમવસ્થાને તે નિર્વાહવો એવું પ્રારબ્ધ છે, તથાપિ જે કાળ જાય છે તે તેના ત્યાગના ભાવમાં ઘણું કરી ગયા કરે છે.

નિવૃત્તિ જેવાં ક્ષેત્રે ચિત્તસ્થિરતાએ હાલ 'સૂત્રકૃતાંગસૂત્ર'નું શ્રવણ કરવા ઇચ્છા હોય તો કરવામાં બાધા નથી. માત્ર જીવને ઉપશમાર્થે તે કરવું યોગ્ય છે. ક્યા મતનું વિશેષપણું છે, ક્યા મતનું ન્યૂનપણું છે, એવા અન્યાર્થમાં પડવા અર્થે તેમ કરવું યોગ્ય નથી. તે 'સૂત્રકૃતાંગ'ની રચના જે પુરુષોએ કરી છે, તે આત્મસ્વરૂપ પુરુષ હતા, એવો અમારો નિશ્ચય છે.

'આ કર્મરૂપ ક્લેશ જે જીવને પ્રાપ્ત થયો છે તે કેમ ત્રુટે?' એવું પ્રશ્ન મુમુક્ષુ શિષ્યને ઉદ્‌ભવ કરી 'બોધ પામવાથી ત્રુટે' એવું તે 'સૂત્રકૃતાંગ'નું પ્રથમ વાક્ય છે. 'તે બંધન શું? અને શું જાણવાથી તે ત્રુટે?' એવું બીજું પ્રશ્ન ત્યાં શિષ્યને સંભવે છે અને તે બંધન વીરસ્વામીએ શા પ્રકારે કહ્યું છે? એવા વાક્યથી તે પ્રશ્ન મૂક્યું છે; અર્થાત્ શિષ્યના પ્રશ્નમાં તે

**(અનુસંધાન પાના નં ૧૮ પર... )**



## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી 'સમ્યક્જ્ઞાનની પ્રવૃત્તિ' સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

બધા શાસ્ત્રોનો, બાર અંગનો સાર તો 'હું' છું; બાકી બધી વાતો તો જાણવાની છે. 'સ્વયં'ને દ્રષ્ટિમાં લીધો, પછી જે જ્ઞાન ઉઘડે છે તે બધી વાત જાણી લે છે. (૩૩૬)

*

દ્રષ્ટિની વાત મુખ્ય રાખીને બધી ખતવણી કરવી જોઈએ. આ તરફ (અંતરમાં) દ્રષ્ટિ થતાં જે જ્ઞાન થયું... તે (જ્ઞાન) વસ્તુને જેવી છે તેવી જ જાણી લ્યે છે. આ દ્રષ્ટિ વિના તો કોઈ વાતમાં વધારે ખેંચાઈ જાય છે અથવા કોઈ વાતને ઢીલી કરી દે છે. પરંતુ દ્રષ્ટિ થવાથી જ્ઞાન (મધ્યસ્થ થઈ જાય છે, માટે) જેની જેટલી-જેટલી મર્યાદા છે તે અનુસાર જ જાણે છે. (સ્વરૂપદ્રષ્ટિમાં સર્વસ્વરૂપથી સ્વરૂપની ઉપાદેયતા થઈ જાય છે. અને પરિણમનનું એવું વલણ થઈ જવાથી જ્ઞાનમાં અવિવેક ઉત્પન્ન નથી થતો જેથી જ્ઞાન અયથાર્થરૂપથી હીનાધિક વજન નથી દેતા. એવી સમ્યક્ મર્યાદાપૂર્વક જ્ઞાનની પ્રવૃત્તિ રહે છે. (૩૩૮)

*

જેને અનુભૂતિ થઈ - તે જીવ અનુભવના બળથી, કઇ વાત સાચી છે? (અથવા જે વાત અનુભવથી મળતી નથી તે અસત્ય છે - એમ) તરત જાણી લે છે. (૩૪૧)

*

આ તરફ (અંતરમાં) દ્રષ્ટિ થયા વિના જ્ઞાન યથાર્થ થતું નથી. દ્રષ્ટિ થતાં ઉત્પન્ન થયેલું જ્ઞાન - પોતાનો (પરમાં) કેટલો અટકાવ છે? પોતાની સ્વભાવમાં કેટલી જમાવટ છે? કેટલો રસ છે? - તે બધું સહજ જાણી લે છે. (૩૪૨)

*

જે અપેક્ષાએ વસ્તુનો જે સ્વભાવ છે તે અપેક્ષાએ સો એ સો ટકા એવો જ એકાંત સ્વભાવ છે. પછી તે સ્વભાવને અપેક્ષા લગાડવાથી ઢીલો થઈ શકતો નથી. (૩૫૫)

*

ત્રિકાળીમાં એકત્વ થતાં રાગ એવો ભિન્ન દેખાય છે કે જેમ બીજી ચીજ પ્રત્યક્ષ ભિન્ન દેખાય છે; તેમ જ રાગ પ્રત્યક્ષ જુદો જ દેખાય છે. (૩૯૧)

*

મોઢામાં પાણીની સાથે કચરો આવતાં જ ખદ્બદાટ થઈને મોઢામાંથી (ફેંકી દેવામાં) કાઢી નાખવામાં આવે છે, તેમ રાગનું વેદન તે તો કચરો છે. જ્ઞાની તેને પોતાનો માનતા જ નથી. જ્ઞાનીને કોઈપણ ક્ષણે રાગમાં અહંપણું આવતું જ નથી. (૪૪૯)

*

**(પાના નં ૧૯ થી આગળ... )**

**સ્વતંત્ર ઘરે બેસીને કોઈ સમયસાર લઈ લે કે ચાલો આપણે ગુરુદેવ સમયસાર વાંચતા હતાં એટલે આપણે ઘરે બેસીને સ્વાધ્યાય કરીએ. એમાં કાંઈ માલ નથી.**

**બહેનશ્રીના વચનામૃતમાં મુમુક્ષુ સમાજને યોગ્ય અને એ પણ વર્તમાન મુમુક્ષુ સમાજને યોગ્ય ઘણી વાતો છે. અને એ (ઉપર) ગુરુદેવની નજર પડી ત્યારે એ પોતે બહુ જ પ્રમોદભાવમાં હતા. બહુ જ પ્રમોદભાવમાં હતા. એ તો આપણે નજરે જોયેલું છે. ભાવનગર આવેલા ત્યારે શરૂ કરાવ્યું હતું. ગુરુદેવ ભાવનગર પધાર્યા ત્યારે કીધું કે 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પ્રવચન આપવાનું છે. અહીંથી આપણે જ તે શરૂ કરાવ્યું છે. 'બહેનશ્રીના વચનામૃત' પુસ્તકનું પ્રકાશન પણ આપણે જ શરૂ કરાવ્યું છે. ત્યારે વહીવટ આપણા હાથમાં હતો. પ્રકાશનનો મુદ્દો પણ મુંબઈની મિટિંગમાં દાદરવાળાનો ઉપસાવેલો. અને પછી જોર દઈને, ભીંસ દઈને તૈયાર કરાવરાવ્યું, પ્રકાશન વખતે પણ કહે ત્રણ હજાર નકલ છાપવાની છે. ત્યારે પાંચ હજાર તો પરાણે કરાવી હતી. પછી સીધી દસ હજાર છાપવી પડી! અને પાંચ હજાર પરાણે કરાવી ત્યારે એ શબ્દો કહ્યા હતા કે આ પાંચ હજાર ચટણી થઈ જશે! ખબર જ ન પડી. પછી તો હજારો નકલો છપાઈ ગઈ. આ કન્નડમાં, તમિલમાં, બધે છે એ. હિન્દી, કન્નડ, તામિલ. એ આ કારણ છે.**

*

**(પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' તા. ૧૯-૦૨-૯૯, પ્રશ્ન - ૪૪૫, પ્રવચન નં-૩૮૬, ૧૦ મિનિટે)**

**(પાના નં ૧૬ થી આગળ... )**

વાક્ય મૂકી ગ્રંથકાર એમ કહે છે કે, આત્મસ્વરૂપ એવા શ્રી વીરસ્વામીનું કહેલું તમને કહીશું; કેમ કે આત્મસ્વરૂપ પુરુષ આત્મસ્વરૂપાર્થે અત્યંત પ્રતીતિ યોગ્યછે.તે બંધનનું સ્વરૂપ ત્યાર પછી ગ્રંથકાર કહે છે તે ફરી ફરી વિચારવા યોગ્ય છે. ત્યાર પછી તેના વિશેષ વિચારે ગ્રંથકારને સ્મૃતિ થઈ કે આ જે સમાધિમાર્ગ તે આત્માના નિશ્ચય વિના ઘટે નહીં, અને જગતવાસી જીવોએ અજ્ઞાની ઉપદેશકોથી જીવનું સ્વરૂપ અન્યથા જાણી,કલ્યાણનું સ્વરૂપ અન્યથા જાણી,અન્યથાનો યથાર્થપણે નિશ્ચય કર્યો છે; તે નિશ્ચયનો ભંગ થયા વિના, તે નિશ્ચયમાં સંદેહ પડ્યા વિના, અમે જે અનુભવ્યો છે એવો સમાધિમાર્ગ, તેમને કોઈ પ્રકારે સંભળાવ્યો શી રીતે ફળીભૂત થશે ? એવું જાણી ગ્રંથકાર કહે છે કે, 'આવા માર્ગનો ત્યાગ કરી કોઈ એક શ્રમણ બ્રાહ્મણ અજાણપણે, વગર વિચાર્યે, અન્યથા પ્રકારે માર્ગ કહે છે' એમ કહેતા હતા. તે અન્યથા પ્રકાર પછી ગ્રંથકાર નિવેદન કરે છે, કે પંચમહાભૂતનું જ કોઈ અસ્તિત્વ માને છે, આત્માનું ઉત્પન્ન થવું તેથી માને છે, જેમ ઘટતું નથી. એમ જણાવી આત્માનું નિત્યપણું પ્રતિપાદન કરે છે. જો જીવે પોતાનું નિત્યપણું જાણ્યું નથી, તો પછી નિર્વાણનું પ્રયત્ન શા અર્થે થાય? એવો અભિપ્રાય કરી નિત્યતા દર્શાવી છે. ત્યાર પછી ભિન્ન ભિન્ન પ્રકારે કલ્પિત અભિપ્રાય દર્શાવી યથાર્થ અભિપ્રાયનો બોધ કરી, યથાર્થ માર્ગ વિના છૂટકો નથી, ગર્ભપણું ટળે નહીં, જન્મ ટળે નહીં, મરણ ટળે નહીં, દુઃખ ટળે નહીં, આધિ, વ્યાધિ, ઉપાધિ કંઈ ટળે નહીં; અને અમે ઉપર જે કહી આવ્યા છીએ એવા મતવાદીઓ તે સૌ તેવા પ્રકારને વિષે વસ્યા છે, કે જેથી જન્મ જરા મરણાદિનો નાશ થાય નહીં; એવો વિશેષ ઉપદેશરૂપ આગ્રહ કરી પ્રથમાધ્યયન સમાપ્ત કર્યું છે. ત્યાર પછી અનુક્રમે તેથી વર્ધમાન પરિણામે ઉપશમ - કલ્યાણ - આત્માર્થ બોધ્યો છે. તે લક્ષમાં રાખી વાંચન, શ્રવણ ઘટે છે. કુળધર્માર્થે 'સૂત્રકૃતાંગ'નું વાંચન, શ્રવણ નિષ્ફળ છે.

*



# વર્તમાન મુમુક્ષુ સમાજના અજોડ માર્ગદ્રષ્ટા - પૂ. બહેનશ્રી!!

## (પૂ. ભાઈશ્રીના પ્રવચનનો અંશ)

બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. બીજાને સમજાવામાં પણ બહુ સૂક્ષ્મ. ગણધરનો જીવ છે ને! ગણધરનો જીવ છે એટલે ભવિષ્યમાં એ બાર અંગ રચવાના છે.

અત્યારે જે શ્રુતજ્ઞાન પ્રગટ્યું છે અને એ શ્રુતજ્ઞાનનું જરા વિશેષ ક્ષયોપશમ થશે. ક્ષયોપશમ ભાવ છે છેક સુધીનો. ક્ષાયિકભાવ તો કેવળજ્ઞાનમાં થાય છે. પૂરો ક્ષયોપશમ થશે ત્યારે બાર અંગની રચના કરશે. પણ એમની ક્વોલિટી એ ટાઈપની છે. મેં બહુ બારિકાઈથી માર્ક કર્યું છે. એમના એવા અનેક સ્ટેટમેન્ટ મેં જોયા છે કે વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમની સાથે કોઈપણ મુમુક્ષુ પ્રશ્નોત્તર કરે તોપણ એ બહુ જ ઉપયોગથી જવાબ દે છે. એમ નહિ કે ગમે તેમ જવાબ દઈ દેવા. મેં તો માર્ક કરેલું છે. એમની હયાતીમાં આ માર્ક કરેલું છે. (એટલે) જ ત્યારે વિચાર આવ્યો હતો કે આ ગણધરનો જીવ છે ને એટલે સામાજિક દૃષ્ટિકોણ પણ એમનો બહુ જ ચોખ્ખો છે કે વર્તમાન સમાજ ક્યાં ભૂલ કરે છે. ગુરુદેવના અનુયાયીઓ પણ ક્યાં ભૂલ કરે છે. એ એમને બહુ ચોખ્ખું હતું.

એટલે એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફીદા થઈ ગયા. આફરીન થઈ ગયા. ઓહોહો..! લાખ પુસ્તકો છપાવો. અમે કોઈ પુસ્તક માટે બોલ્યા નથી. આ પુસ્તક માટે કહીએ છીએ કે લાખ છપાવો. એમના ગુરુના પુસ્તક માટે ન બોલ્યા, પણ એમના શિષ્યના પુસ્તક માટે બોલ્યા લ્યો! સમયસાર માટે ન બોલ્યા કે લાખ સમયસાર છપાવો. પણ બહેનશ્રીના વચનામૃત માટે બોલ્યા. કારણ શું? સામાજિક વ્યૂ પોઈન્ટ એની અંદર બહુ સારો છે. સમયસાર આમ સમાજને લાગુ પડે એવો ગ્રંથ નથી. ઉત્કૃષ્ટ મુમુક્ષુ હોય તો એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પામી જાય એવો ગ્રંથ જરૂર છે. બાકી નીચેવાળાને કામમાં આવે એવું નથી એમાં. કેમકે ભેદજ્ઞાનની ચર્ચા છે અને ભેદજ્ઞાન સુધી પહોંચ્યા જ ન હોય એ શું કરે? એને શું કામમાં આવે? એમાં કોઈ પરિભ્રમણની એવી ચર્ચા નથી. ચોથી ગાથાની ટીકામાં થોડોક અમૃતચંદ્રાચાર્યે સત્સંગ (નો વિષય) નાખ્યો છે અને પરિભ્રમણની વાત નાખી છે. ચોથી ગાથા છે એના ઉપર. બાકી ક્યાંય નથી.



મુમુક્ષુ :- પાત્રતા ન હોય તો ઊલટું પડે એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા ઊલટું પડે ચોક્કસ. ખરેખર તો ગુરુગમ વિના અથવા ગુરુચરણ વિના એ ગ્રંથનો (સમયસારનો) સ્વાધ્યાય મુમુક્ષુએ કરવા યોગ્ય જ નથી. જ્ઞાનીના ચરણમાં બેસીને વાંચે તો તો બરાબર છે. બાકી કામ નથી.

(અનુસંધાન પાના નં ૧૮ પર... )

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition : **1310**
Visit us at : http://www.satshrut.org

mayur process 9374825041